Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 1, March 2021

# બૌદ્ધ ધર્મ અને ડો. બાબાસાહેબ આંબેડકર

# Buddhism and Dr. Babasaheb Ambedkar

**Dr. Ram Mavadiya*,**
**Govt. Arts College, Ranavav**

❖ **પ્રસ્તાવનાઃ-**

ધર્મ સામાજિક જીવનનો એક ભાગ છે અને તે ધાર્મિક વર્તન તરીકે જોઇ શકાય છે. સ્પેન્સરે નોંધ્યુ છે તેમ જીવનના ભયમાંથી ધર્મની ઉત્પતિ થઇ છે. જયોર્જ સિમેલના મંતવ્ય અનુસાર ધર્મ વ્યકિતઓની આધ્યાત્મિક આકાંક્ષાઓ દ્વારા ઉદભવે છે અને ધાર્મિક તથા મનની સ્થિતિ સંસ્થાકીય સ્વરૂપો ધારણ કરે છે. આ સંસ્થાકીય સ્વરૂપો વ્યકિત અને સમાજવ્યવસ્થા માટે મહત્વના કાર્યો કરે છે. જેમ કે, વ્યકિતને ઓળખ આપવી, વ્યકિતની તંગદિલીનું નિવારણ કરવું, વ્યકિતમતાનું સુગ્રથન કરવુ, એકતાનું સર્જન કરવું, સામાજિક નિયંત્રણ વગેરે. આમ સમાજમાં ધર્મની દરેક સામાજિક સંસ્થાઓ પર અસર થયેલી જોવા મળે છે. દરેક ધર્મમાં આચારશાસ્ત્ર હોય છે જેના આધારે તેમના અનુયાયીઓની જીવનશૈલી ગોઠવાયેલી જોવા મળે છે. ભારતમાં વિશ્વના કુલ આઠ જેટલા ધર્મના અનુયાયીઓ વસવાટ કરે છે. આથી ભારત ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે વિવિધતા ધરાવતો દેશ છે. આથી કયારેક ધાર્મિક મૂળભૂતવાદી વિચારધારાને કારણે સમાજવ્યવસ્થા સામે કેટલીક પડકારજનક સમસ્યાઓ પણ ઊભી થાય છે. જેમ કે, કોમવાદ, અસ્પૃશ્યતા, અસમાનતા, શોષણ વગેરે.

❖ **ડો. બાબાસાહેબ આંબેડકરના ધર્મ અંગેના વિચારોઃ-**

આધુનિક ભારતીય રાજનીતિમાં ડો. બાબાસાહેબ આંબેડકરને દલિતોના નેતાના રૂપમાં માનવામાં આવે છે. તેમણે જીવનપર્યંત દલિતોના સામાજિક સ્થાનમાં સુધારણા કરવા સતત સંઘર્ષ કર્યો છે તે પોતે મહાર જ્ઞાતિમાંથી આવતા હોવાથી તેમણે દલિતોની સમસ્યાઓ અને પીડાઓને અનુભવી હતી. આથી તેઓ દલિતો સાથે થતા અન્યાયનો વિરોધ કરે છે. જવાહરલાલ નહેરુના મતે, તેઓ હિન્દુ સમાજના અત્યાચારપૂર્ણ તત્વો પ્રત્યે વિદ્રોહના પ્રતિક હતા અને અછૂત જાતિઓના ઉદ્ધાર તથા આત્મસમ્માન અપાવવા માટે તેઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.

Dr. Ram Mavadiya, Government Arts College,
Assistant Professor, Dept. of Sociology, Ranavav, Dist. Porbandar. (Gujarat). INDIA.

ડો. ભીમરાવના પિતા ફૌજમાં શિક્ષક હતા. તેમજ બાળપણમાં તેમની માતાનું અવસાન થાય છે. પરંતુ તેમના પિતા તેઓની શિક્ષા દિક્ષામાં કોઇ કમી રહેવા દેતા નથી. આ ઉપરાંત તેઓના પરીવારનું વાતાવરણ ધાર્મિક હતું. તેઓના પિતા તેમને કબીરના દોહા, બુદ્ધ તથા અન્ય મહાત્માઓના ઉપદેશો સંભળાવતા. જેની ભીમરાવ પર ખૂબ જ અસર થાય છે. આથી તેઓ ધર્મને જીવનનું એક અભિન્ન અંગ માને છે તેમજ સમાજના અસ્તિત્વ માટે એક અનિવાર્ય આધાર માને છે. તેઓના મતે સમાજ અને શિક્ષણમાં ધર્મની એક મહત્વની ભૂમિકા હોય છે. જેનાથી વૈયકિતશુદ્ધતા અને સામાજીક સૂદ્ઢઢતા વધે છે. તેમજ તેઓની માન્યતા હતી કે ધર્મના અભાવમાં મનુષ્ય માનવોચિત્ત વ્યવહાર કરી શકતો નથી. આથી તેઓ ધર્મને સદાચાર માનતા હતા કે જેના લીધે માનવી માનવી વચ્ચે સંબંધોનું સ્થાપન થાય છે. આમ ધર્મનું મુખ્ય ધ્યેય માનવ કલ્યાણ હોય છે આ ઉપરાંત તેઓ ધર્મને કયારેય પરલોક સાથે જોડતા ન હતા. તેમના મતે સાચો ધર્મ એ છે કે જે નિયમો અને કાયદાઓ પર આધારિત ન હોતા આધ્યાત્મિક સિધ્ધાંતો પર આધારિત હોય અને બધા પર સામાન્યરૂપથી લાગૂ પડતો હોય. તેમણે સાચા ધર્મની બે વિશેષતાઓ બતાવી છેઃ (૧) ધર્મને નૈતિકતા માટે માનવ સમાજનો આધાર હોવો જોઇએ (૨) ધર્મ વિજ્ઞાન કે ભૌતિક તત્વ પર આધારિત હોવો જોઇએ. આ વિશેષતાઓ ધરાવતા ધર્મને ડો. બાબાસાહેબ આંબેડકરે ધમ્મની સંજ્ઞા આપી છે અને તેઓએ ધર્મ અને ધમ્મ વચ્ચેના અંતરને બતાવ્યુ છે. જેમ કે, પરંપરાગત દ્રષ્ટીએ ધર્મ એ છે કે જેમા ઈશ્વર, આત્મા, લોક, પરલોક, સ્વર્ગ અને નરક વગેરેની માન્યતાઓ જોવા મળે છે. આમ ધર્મ વૈયકિત છે જયારે ધમ્મનો આધાર નૈતિકતા છે. ધમ્મ સામાજિક છે અને તેમાં કર્મકાન્ડ, તીર્થસ્થાન, પ્રાર્થના અને ઉત્સવોને કોઇ સ્થાન હોતું નથી.

ડો. બાબાસાહેબ આંબેડકરના મતે રાજય અને ધર્મ વચ્ચે ગાઢ સંબંધ રહેલો જોવા મળે છે. તેમના મતે ધર્મ સંપૂર્ણ સમાજને ધારણ કરે છે. આથી રાજયનું સંચાલન વ્યવસ્થિત રીતે કરી શકાય છે. આથી જ રાજયનું કર્તવ્ય છે કે તે ધર્મ પ્રત્યે ન તો કઠોર બને કે ન તો કોઇ વિશેષ ધર્મને મહત્વ આપે. તેઓના મતે રાજયના દરેક નાગરીકને ધર્મની સ્વતંત્રતા મળવી જોઇએ. તથા ધર્મ પ્રચાર અને ધર્મ પરિવર્તનની પણ સ્વતંત્રતા કાયદા અને નૈતિક વ્યવસ્થાની મર્યાદામાં હોવી જોઇએ.

ડો. બાબાસાહેબ આંબેડકરના મતે ધાર્મિક સ્વતંત્રતા ભારતીય સંસ્કૃતિની આત્મા છે. આથી જો કોઇ વ્યકિત અંતર્મૂખી હશે તો ધર્મ તેમને આંતરીક સુખ શાંતિ આપશે અને જો કોઇ વ્યકિત બર્હિમુખી હશે તો ધર્મ તેમને સામાજિક સેવા માટે પ્રેરિત કરશે. આથી મનુષ્યના વિકાસ માટે ધાર્મિક સ્વતંત્રતા આવશ્યક છે.

ડો. બાબાસાહેબ આંબેડકરના મતે, રાજય અને માનવ જીવનમાં ધર્મની અનિવાર્યતા અને સ્વતંત્રતા સાથે એ પણ મહત્વપૂર્ણ છે કે લોકો ધર્માન્ધતા અને કટ્ટરતાનો ત્યાગ પણ કરે. આથી તેઓએ ધાર્મિક ભેદભાવ, ધર્માન્ધતા, શોષણ વગેરેનો વિરોધ કર્યો હતો. આમ તેઓના મતે ધર્મ મનુષ્ય માટે છે નહિ કે મનુષ્ય ધર્મ માટે. ટૂંકમાં ધર્મનું કાર્ય માણસને શુધ્ધ કરવાનું, મનને પવિત્ર કરવાનું છે નહિ કે ધાર્મિક કટ્ટરતા ફેલાવવાનું.

ડો. બાબાસાહેબ આંબેડકર એવું કયારેય ઇચ્છતા ન હતા કે ધર્મની બાબતમાં રાજય હસ્તક્ષેપ કરે. આથી તેઓએ ધાર્મિક દ્રષ્ટીએ ધર્મ નિરપેક્ષતાના આદર્શને મહત્વનો માન્યો છે. તેઓના મતે રાજયએ કોઇ ધર્મને રાજધર્મ તરીકે જાહેર કરવો જોઇએ નહિ. આથી જ આપણું બંધારણ કે જેમના નિમાર્ણમાં ડો. બાબાસાહેબ આંબેડકરનો મોટો ફાળો છે કે જેમાં કોઇ ધર્મનો વિરોધ નથી. દરેક નાગરીકને ધાર્મિક સ્વતંત્રતા અને આચારણનો અધિકાર આપવામાં આવ્યો છે.

- **હિન્દુ ધર્મમાં વ્યાપ્ત કુરીવાજોનો વિરોધઃ-**

અત્યંત ઉદાત ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા ડો. બાબાસાહેબ આંબેડકરનો હિન્દુ ધર્મ માટે આપર આદર અને અનુરાગ હતો. તેમણે હિન્દુ ધર્મની સીમામાં રહી સમતા, સ્વાભિમાન મેળવા ભારે પુરુષાર્થ કર્યો હતો. ૧૯૨૯માં હિન્દુસભાના કાર્યકરોએ હિન્દુ સંઘ નામના સંગઠનની સ્થાપના કરી હતી. જેની સલાહકાર સમિતીમાં ડો. બાબાસાહેબ આંબેડકર પોતે પણ હતા. ૧૯૧૭માં તેમણે પોતાના નિબંધ Cast in India માં પોતાના તારણમાં લખ્યું છે કે હિન્દુઓની વચ્ચે અસંખ્ય જાતિઓ હોવા છતાં ગાઢ સાંસ્કૃતિક એકતા છે.

ઓકટોબર ૧૯૨૯માં મુંબઇમાં મંદિર પ્રવેશનો કાર્યક્રમ ડો. પી. જી. સોલંકીની સાથે આપ્યો. પરંતુ મહંતો મંદિર પ્રવેશની મનાઇ કરે છે અને આ મંદિર ફકત ઉચ્ચવર્ણના હિન્દુઓ માટે જ છે. શારદાપીઠના શંકારાચાર્યે આદેશ ફરમાવ્યો કે અંત્યંજોનો મંદિર પ્રવેશ એટલે શાસ્ત્ર પ્રમાણે મહાપાતાક ગણાય. આવી અનેક દલિત વિરોધી અને છૂત અછૂતની નીતિથી ડો. બાબાસાહેબ આંબેડકરને આધાત લાગે છે. તેમણે કહયું કે હિન્દુત્વ એકલા સવર્ણોનો ઇજારો નથી. સવર્ણો દલિતોને હિન્દુ માને છે, તો તેમને હિન્દુ તરીકેનો અધિકાર આપવો જોઇએ. આથી હિન્દુ ધર્મને શુદ્ધ કરીને પોતાના રક્ત દ્વારા હિન્દુ ધર્મ ઉપરની આ કાલીમા દૂર કરવા તેમણે સંઘર્ષ કર્યો.

ડો. આંબેડકરના મતે હિન્દુ ધર્મ અસમાનતા અને પરતંત્રતાના વિચારોનો પોષક છે અને તેમાં સમાનતાના સિધ્ધાંતનો અભાવ છે તથા કર્મકાન્ડની પ્રધાનતા છે. તેમના મતે જે ધર્મમાં માનવ માનવ વચ્ચે ભેદ પાડવામાં આવે, મનુષ્યને અછૂત માનવામાં આવે, એક વર્ગને શિક્ષણ અને તે સંબંધિત સુવિધાઓથી વંચિત રાખવામાં આવે તેવો ધર્મ, ધર્મ નથી પણ માનવતા સાથે ખિલવાડ છે. તેઓના મતે હિન્દુ ધર્મની પરંપરાનો આધાર મનુસ્મૃતિ છે આથી તેઓએ  મનુસ્મૃતિને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. આમ ૧૯૩૫માં યેવલા ( નાસિક) પરિષદમાં હિન્દુ ધર્મ પ્રત્યેના આક્રોશના કારણે તેઓને કહેવું પડ્યુ કે, એક હિન્દુ તરીકે હું જન્મ્યો તે મારા હાથની વાત નહોતી. પરંતુ એક હિન્દુ તરીકે કદાપિ મરીશ નહિ. વળી દલિતોને પણ કહ્યુ કે, આજ દિન સુધી આપણને હિન્દુ દેવદેવીનાં દર્શન ન થતા તેથી કંઇ આપણે મરી ન ગયા અને આજપર્યંત હિન્દુ મંદિરોમાં જતા કૂતરા – બિલડા – બકરાં વગેરે જાનવરો કોઇ માણસ થયા નહિ. આપણે રાજકીય સતા પ્રાપ્ત કરી આપણું સામાજિક સ્વાતંત્ર્ય હાંસલ કરીશું. હવેથી અમે કોઇના પણ ગુલામ રહેવાના નથી. આજ અમારો નિશ્ચય છે. હિન્દુ ધર્મમાં સુધારણાની વાતમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરને એવી પ્રતિતિ થઇ કે હિન્દુ ધર્મની સુધારણા માટે પોતે ખોટી શકિત વેડફી રહયા છે. સુધારણા શકય જ નથી. તેમણે કહ્યુ છે કે, એકાદ વસ્તુ કડવી હોય તો તેને મીઠી કરી શકાય, તુરી હોય તો પણ તેનો સ્વાદ બદલી શકાય, પરંતુ વિષનું અમૃત થવું શકય નથી. આમ હિન્દુ ધર્મમાં રહી જાતિભેદનો નાશ કરવો એટલે વિષનું અમૃત કરવું તેમ માનવા બરાબર છે. આ નિર્ણય પછી પ્રસિદ્ધ થયેલ ગ્રંથ Riddles In Hinduism માં તેઓનો હેતુ હિન્દુ ધર્મની નિંદા નહિ પણ હિન્દુ ધર્મની કાયાકલ્પનો જ હતો, લોકજાગૃતિનો હતો.

ડો. બાબાસાહેબ આંબેડકરના મતે હિન્દુ ધર્મમાં દલિતોની ઉન્નતિ સંભવ નથી. કારણ કે હિન્દુ ધર્મમાં સહાનુભૂતિ, સ્વતંત્રતા અને સમાનતાના તત્વો જોવા મળતા નથી. આ તત્વો વગર વ્યકિતની આત્મ ઉન્નતિ સંભવ નથી. આથી હિન્દુ ધર્મની સુધારણા માટે કેટલાંક સૂચનો કરે છે. જેમ કે, હિન્દુ ધર્મમાં એક પ્રામાણિક ગ્રંથ હોવો જોઇએ કે જેનો લોકો સ્વીકાર કરી શકે. પુરોહિતો પરંપરાગત ન હોતા, બધા વર્ગોમાંથી પૂરોહિતો બની શકતા હોવા જોઇએ અને તેના માટે પરીક્ષા હોવી જોઇએ અને તેના આધારે રાજયએ પ્રમાણપત્ર આપવું જોઇએ. જો કે ડો. બાબાસાહેબ આંબેડકર પોતે માનતા હતા કે હિન્દુ ધર્મની પરંપરામાં પરિવર્તન લાવવાનું કામ આસાન નથી. હિન્દુ ધર્મમાં વ્યાપ્ત કુરિવાજો અને અંધશ્રધ્ધામાં પરિવર્તન લાવવામાં વર્ષો લાગી જાશે. આથી તેઓએ દલિતોના

સ્થાનમાં સુધારણા માટે આંદોલનનો માર્ગ અપનાવી અસ્પૃશ્યતા અને જાતિપ્રથાનો વિરોધ કર્યો. તથા આંતરજ્ઞાતિય લગ્નોની હિમાયત કરી.

આમ ડો. બાબાસાહેબ આંબેડકરના ધાર્મિક વિચારનું મુખ્ય આધાર બિન્દુ સમાનતા હતુ. આથી જ તે હિન્દુ ધર્મનો વિરોધ કરે છે. કારણ કે તે જાતિ- જ્ઞાતિ, છુત-અછુત, ઉચ્ચ- નિમ્ન, જન્મ આધારિત પ્રતિષ્ઠા અને અસમાનતા જેવી બાબતોથી ભરેલો છે.

- **બોદ્ધ ધર્મ પ્રત્યે નિષ્ઠાઃ**

ડો. બાબાસાહેબ આંબેડકર ધર્માંતર બાબતે ઘણા જ ધીર ગંભીરપણે જવા માંગતા હતા. ધર્માંતર એ ડો. બાબાસાહેબ આંબેડકરને મતે દલિતોની સ્વતંત્રતાનો સવાલ હતો. તેમના મતે કોઇપણ દેશની સ્વતંત્રતાના બે અર્થ થઇ શકે. પ્રથમ, તે જ દેશને બીજા કોઇ પણ દેશની દાસતામાંથી મુકિત અપાવવી ને બીજો, તે દેશમાં રહેતા સાધન સંપન્ન શોષક વર્ગની ગુલામીમાંથી છુટકારો અપાવવો. પહેલીને બાહય સ્વતંત્રતા કહીએ તો બીજીને આંતરીક – જાતીય સ્વતંત્રતા કહી શકીએ.

ભારતમાં સ્વતંત્રતાના ફળ સાધનસંપન્ન લોકોને જ મળ્યા છે તો બીજી તરફ આંતરીક સ્વતંત્રતાનો અભાવ ઊડીને આંખે આવે છે. આથી ડો. બાબાસાહેબ આંબેડકર દલિતોની સ્વતંત્રતા માટે બુધ્ધિવાદી – વૈજ્ઞાનિક અને માનવ કેન્દ્રી ધર્મની શોધમાં હતાં કે જે ધર્મમાં વર્ગભેદ, છુત-અછૂત, અંધવિશ્વાસ, પાખંડ ન હોય, આ માટે ઇસ્લામ, શીખ, ખ્રિસ્તી અને બૌદ્ધ ધર્મમાંથી અપાર મનોમંથનના અંતે બૌદ્ધ ધર્મને સ્વીકારવાનો નિર્ણય કરે છે અને આ માટેનો ઈશારો ૧૯૩૫ના ધર્માંતર પ્રવચનમાં પણ તેમણે કર્યો હતો અને તેઓ બૌદ્ધ સંમેલન, આધુનિક બૌદ્ધોની શોભાયાત્રામાં પણ હાજર રહે છે.

૧૪ ઓકટોબર ૧૯૫૬ના દિવસે અશોક વિજયા દશમીએ નાગપુરની દીક્ષાભૂમિમાં ભારતમાંના સૌથી વયોવૃદ્ધ ભિક્ષુ મહાથેરો ચંદ્રમણિના હસ્તે હિન્દુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરે છે. બીજા દિવસે પોતાના પાંચ લાખથીયે વધુ લોકોને પોતાના હાથે બૌદ્ધ ધર્મની દીક્ષા આપી ધર્મક્રાંતિ કરી. આ ઉપરાંત બૌદ્ધ ધર્મના પંચશીલની સાથે પોતાની બાવીસ પ્રતિજ્ઞાઓ આપી. બૌદ્ધ ધર્મની તેમણે નૂતન વ્યાખ્યા આપી હતી. તેમજ વ્યકિત પૂજાના વિરોધી ડો. બાબાસાહેબ આંબેડકરે પોતાના અનુયાયીઓને કહ્યુ કે જેણે બૌદ્ધ ધર્મમાં આવવું હોય તેમણે સમજી વિચારીને આવવું પડશે. ધર્મ તેમની બુદ્ધીને ગમવો જોઇએ. મારે અંધ ભકતો નથી જોઇતા. જે મારી સાથે આવવા ન માંગતા હોય તે ગમે ત્યાં જવા સ્વતંત્ર છે.

બૌદ્ધ અનુયાયીઓએ ડો. બાબાસાહેબ આંબેડકરને ‘બોધિસત્વ’ લોકકલ્યાણ હેતુ પ્રયત્નશીલ પુરુષ તરીકે આદર આપ્યો. આંતર રાષ્ટ્રીય બૌદ્ધ અધિવેશનમાં એક બૌદ્ધનેતા તરીકે તેમનું સન્માન કરી તેમની બૌદ્ધ ધર્મદીક્ષાની ચળવળને ચમત્કાર કહી બિરદાવવામાં આવી હતી. વિશ્વ બૌદ્ધ ભ્રાતૃસંઘે તેમને ‘બોધિસત્વ’ તરીકે પ્રસ્થાપિત કર્યા હતા.

ડો. બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મમાં પણ એક નૂતન ક્રાંતિની કેડી કંડારી હતી. તેમજ મહામાનવ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ વિષેના ઘણા ભ્રમ નિરસન કરી બૌદ્ધ ધર્મને એક સામાજિક સંદેશ તરીકે પ્રસ્તુત કર્યો હતો. અને નવીન વ્યાખ્યા પ્રસ્તુત કરતો ગ્રંથ The Buddha and his Dhamma ( ૧૯૫૬) માં લખ્યો હતો. તે બૌદ્ધ ધર્મનું નવું ભાષ્ય હતું.

ડો. બાબાસાહેબ આંબેડકરનું સ્પષ્ટ માનવું હતું કે બૌદ્ધ ધર્મનો પાયો નૈતિક આચરણનો જ છે. ઈશ્વરને સ્થાને પણ નૈતિક આચરણ છે. આથી ભિક્ષુસંઘમાં પણ સુધારાની હિમાયત કરે છે. ભિક્ષુ સામાજિક કાર્યકર હોવા

જોઇએ. આમ, ભાગ્યવાદ, કર્મકાંડ, જાતિભેદને નકારતો બૌદ્ધ ધર્મ ઐહિક જીવન-સુખ, શાંતિ અને આનંદને મહત્વ આપે છે. તથા સ્વાતંત્ર્ય, સમતા અને બંધુતા તેના પાયામાં છે અને આ બૌદ્ધ ધર્મની સેવામાં પ્રચાર-પ્રસાર માટે પોતાના જીવનને વિતાવવાનો સંકલ્પ ડો. બાબાસાહેબ આંબેડકર વ્યકત કરે છે. આજે ભારતમાં બૌદ્ધ ધર્મનું પુનરાગમન થઇ રહ્યુ છે. જેમા ડો. બાબાસાહેબ આંબેડકરનો સૌથી મોટો ફાળો છે.

❖ નિષ્કર્ષઃ

ડો. બાબાસાહેબ આંબેડકર માનવતાવાદી મૂલ્યોના સમર્થક હતા અને તેથી તેઓ વર્ણવાદ, જાતિપ્રથા, અસ્પૃશ્યતા, અસમાનતા, અન્યાયના વિરોધી હતા. અને તેઓ સામાજિક જીવનમાં સ્વાતંત્ર્ય, સમતા અને બંધુત્વના તત્વોને ખૂબ જ મહત્વ આપતા હતા. આ ત્રણેય તત્વોના આધારે દલિતો અને સમસ્ત માનવ સમાજના ઉત્કર્ષને મહત્વ આપ્યુ છે. તેમજ ભાગ્યવાદિતા અને ઈશ્વરીય ચમત્કારની જગ્યાએ માનવ કર્મને મહત્વ આપી, કર્મને મનુષ્યના ભાગ્યનું નિર્માતા માન્યું છે. આમ તેઓનું મુખ્ય લક્ષ્ય સમાજમાં માનવી માનવી વચ્ચેના ભેદને સમાપ્ત કરી નૈતિકતા અને સમાનતા આધારિત ધર્મને સ્થાપિત કરવાનું હતું. તેમજ સમાજને શોષણ અને ઉત્પીડનની સમસ્યાથી મૂકત કરી એક સ્વસ્થ, સ્વચ્છ અને સમાનતા પર આધારિત સમાજને સ્થાપિત કરવાનું હતું.

❖ સંદર્ભઃ

(૧) આર્ષદષ્ટાઃ ડો. બાબાસાહેબ આંબેડકર – ડો. પી.જી. જયોતિકર – યુનિ. ગ્રંથનિમાર્ણ બોર્ડ અમદાવાદ- ૨૦૧૧

(૨) ધર્મનું સમાજશાસ્ત્ર - જે.કે. દવે – અનડા બુક ડીપો અમદાવાદ - ૨૦૧૨

(3 ) Dr. B.R. Ambedkar: The Maker of Modern India – Edi. Dr. Desh Raj Sirswal – CPPIS Pehowa Haryana

(૪) બાબા સાહેબ ભીમરાવ આંબેડકર વ્યકિતત્વ એવમ કૃતિત્વ – ચંન્દ્રા ધરિલ્લ.

(૫) ડો. આંબેડકર કે ત્રયી સિધ્ધાંત,- ડી.આર. જાટવ- સમતા સાહિત્ય સદન જયપુર.

(૬) બૌદ્ધ ધર્મ હી માનવ ધર્મ – ડો. ભિક્ષુ ધર્મરક્ષિત- મહાબોધિ સભા, સારનાથ -૧૯૫૭